પ્રાંતિજ કોલેજ એકાંકીમાં વિજેતા થઈ: યુવક મહોત્સવમાં પ્રાંતિજ કોલેજ ઝળકી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ યુવક મહોત્સવ મા એકાંકી મા ઝળકી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી , પાટણ દ્વારા આયોજીત ૩૩ મા યુવક મહોત્સવ યોજાયો હતો જેમા પ્રાંતિજ ના કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા યુવક મહોત્સવ મા વિવિધ સંસ્થાઓમા ભાગલીધો હતો તો મહેન્દ્રભાઈ પ્રજાપતિ દિગ્દર્શિત એકાંકી લીલીવાડી ની ફૂખે નાટક મા પણ કોલેજ ના વિધાર્થીઓએ ભાગ લીધો હતો અને અભિનય દ્વારા પ્રેક્ષકો ના દિલજીતી તો એકાંકી મા વિજેતા થઈ હતી જેમા સીમા ચૌહાણ , પ્રિયંકા મકવાણા , સુમિત્રા પારગી, મૈત્રી પટેલ , શીતલબા, હિરલ પરમાર, નરેન્દ્ર, હિમાંશુ , વિશાલ, અર્પિતા, જ્યોતિ, હની કાર્તિક દ્વારા સુંદર અભિનય કરવામા આવ્યો હતો તો વિજેતા થતા કલાકારોએ પોતાના પરિવાર સમાજ અને કોલેજ નુ નામ સહિત ગામનુ નામ રોશન કર્યુ હતુ તો સમગ્ર ટીમ ને પ્રો.રાજેન્દ્ર પંચાલ, ડૉ.સતીષભાઈ પટેલ , રાજેન્દ્ર ઓઝા , ડૉ. ગણેશભાઈ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ જ્યારે એકાંકી માં સિધ્ધી મેળવવા બદલ સમગ્ર ટીમને કોલેજ ના પ્રિન્સિપાલ ડૉ.કે.આર.પ્રસાદ, પ્રો.ડૉ.કાન્તીભાઈ પ્રજાપતિ સહિત સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા સમગ્ર ટીમ ને અભિનંદન પાડવ્યા હતા.

પાલનપુરના મલાણામાં એક જ રાત્રિમાં ત્રણ મકાનના તાળા તૂટ્યા

પાલનપુર તાલુકાના મલાણા ગામે બુધવારે રાત્રે તસ્કરોએ ત્રણ મકાનમાં હાથ ફેરો કરી રોકડ રકમ, સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૭૬,૦૦૦ ના મુદ્દામાલની ચોરી કરી હતી. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તેમનો ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. પાલનપુર તાલુકાના મલાણા ગામના રતિલાલ ઉકાજી બારોટના નાનાભાઈ અશોકભાઈ સુરત ગયા હતા. આથી તેઓ પરિવાર સાથે તેમના ઘરે સુવા ગયા હતા. દરમિયાન રાત્રિના સુમારે તસ્કરોએ તેમના મકાનના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તિજોરીમાં પડેલી રૂપિયા ૨૫,૦૦૦ની સોનાની બુટ્ટી, રૂપિયા ૮,૦૦૦ની નાકની ચુની, રૂપિયા ૧૫,૦૦૦ની ચાંદીની તોડીઓ તેમજ રોકડ રૂપિયા ૪૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૨,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. આ ઉપરાંત મહોલ્લામાં રહેતા અશોકભાઈ ભુતાભાઈ ચૌધરીના બંધ મકાનનું તાળું તોડી અંદરથી રોકડ રૂપિયા ૨૦,૦૦૦ તેમજ દેવજીભાઈ પરથીભાઈ ચૌધરીના બંધ મકાનનું તાળું તોડી અંદરથી રૂપિયા ૪૦૦૦ મળી કુલ રૂપિયા ૭૬,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે રતિલાલ બારોટે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તેમને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા વીસીઈ મંડળના સભ્યોની પોલીસે અડધી રાત્રે અટકાયત કરતા રોષ

રાજ્યભરના વીસીઈ ઓ સમાન કામ સમાન વેતનની માંગ સાથે છેલ્લા કેટલાય દિવસો થી આંદોલન પર છે અને ગાંધીનગર ખાતે પોતાની માંગો મામલે લડત ચલાવી રહ્યા છે ત્યારે દાંતીવાડા વીસીઈ મંડળના આગેવાનોની અડધી રાત્રે પોલીસે અટકાયત કરતા વીસીઈઓ માં રોષ ભભૂકી ઉઠ્યો હતો. ગ્રામ પંચાયતના ઈ ગ્રામ કેન્દ્રમાં કમિશન પ્રથાથી ફરજ બજાવતા વીસીઈઓ કાયમી નોકરી ફિક્સ પગાર સહિતની માંગોને લઈ છેલ્લા તેર દિવસ આંદોલન ચલાવી રહ્યા અને ગાંધીનગરમાં લડત ચલાવી રહ્યા હોય રાજ્યભર માં થી વીસીઈઓ ગાંધીનગર ઉમટી રહ્યા છે ત્યારે વીસીઈ ને ગાંધીનગર જતા રોકવા પોલીસ દ્વારા અટકાયતી પગલા ભરવામાં આવી રહ્યા છે જેમાં ૨૧ સપ્ટેબર ની રાત્રે બે વાગે દાંતીવાડા તાલુકા વીસીઈ મંડળના પ્રતિનિધિ ઓની દાંતીવાડા પોલીસ અટકાયત કરી તેમને પોલીસ સ્ટેશનમાં લઈ જવાતા જિલ્લાના વીસીઈ ઓમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને વીસીઈઓ દાંતીવાડા પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા જ્યાં તેમની દરમ્યાન ગીરીથી વીસીઈ ને બપોરે મુક્ત કરવામાં આવ્યા હતા.

ભારતીય કિસાન સંઘ,ભિલોડા તાલુકાના હોદ્દેદારો દ્વારા નમો કિસાન પંચાયતનો જોરશોરથી વિરોધ પ્રદર્શન કર્યું

ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગર સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે છેલ્લા ૨૮ દિવસથી ખેડૂતોના વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓ સંદર્ભે ધરણા પર બેઠા છે ત્યારે અત્રે ઉલ્લેખનિય છે કે,ભાજપ પ્રેરિત કિસાન મોરચાના સંગઠન ધ્વારા નમો કિસાન પંચાયતનો કાર્યક્રમ ભિલોડા ગ્રામ પંચાયત કચેરી પાસે બતાવવા જઈ રહ્યા હતા ત્યારે મોટી સંખ્યામાં કિસાન સંઘના હોદ્દેદારો અને કાર્યકરોએ જોરશોરથી વિરોધ પ્રદર્શન કર્યું હતું.નમો કિસાન પંચાયતનો કાર્યક્રમ બંધ કરાવ્યો હતો.ખેડૂતોની માંગણીઓ નહીં સ્વીકારાય ત્યાં સુધી સમગ્ર ભિલોડા તાલુકામાં કિસાન મોરચા ધ્વારા નમો કિસાન પંચાયતનો કાર્યક્રમ ના કરવા માટે લેખિતમાં જણાવ્યું હતું.નમો કિસાન પંચાયતનો કાર્યક્રમ થશે તો દરેક ગામમાં વિરોધ પ્રદર્શન કરીશું તેમ ભિલોડા તાલુકા ભારતીય કિસાન સંઘ પ્રમુખ અમૃતભાઈ પટેલ,મંત્રી લખાભાઈ તરાર,સહમંત્રી મોંકમભાઈ પટેલ,પુર્વ પ્રમુખ શાંમળભાઈ પટેલ,પુર્વ મંત્રી નરોત્તમભાઈ પટેલ તેમજ હોદ્દેદારો,કાર્યકરો સહિત જાગૃત ખેડૂતોએ જણાવ્યું હતું.

જિલ્લામાં આરોગ્ય વિભાગની આશાવર્કર બહેનો હડતાલ પર

અધિકારીઓને આવેદનપત્ર આપી ૧૮૦૦ આશાવર્કરોએ મોરચો માંડ્યો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એક પછી એક સરકારના વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ વિવિધ માંગ સાથે હડતાલ ઉપર જઈ રહ્યા છે ત્યારે હવે આરોગ્ય વિભાગની આશાવર્કર બહેનો પણ ગુરુવારથી હડતાલ પર ઉતરી છે. આરોગ્ય વિભાગના અધિકારીઓને આવેદનપત્ર આપી બંન્ને જિલ્લાની ૧૮૦૦થી વધુ આશા વર્કર તેમજ ફેસીલેટરે લઘુત્તમ વેતનની માંગ સાથે અચોક્કસ મુદતની હડતાલ શરુ કરતાં આરોગ્ય સેવાઓને અસર થવાની દહેશત છે.

વિધાનસભાની આગામી ચૂંટણીઓ યોજવા માટે સરકાર દ્વારા તૈયારીઓ શરુ કરવામાં આવી છે. ચૂંટણી વિભાગ ન્યાયિક અને નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી યોજવાની તૈયારીઓ સાથે કામમાં પરોવાયું છે પરંતુ સરકારના અનેક વિભાગોમાં વર્ષોથી કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ આવ્યો ન હોવાથી એક પછી એક કર્મચારીઓ સરકાર સામે જંગે ચઢ્યા છે. સરકારે એસ.ટી. કર્મચારીઓ સહિત કેટલાક કર્મચારી યુનિયનોની માંગ સ્વીકારતાં માંડ મામલો થાળે પડ્યો છે ત્યાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હવે અન્ય આરોગ્ય કર્મચારીઓ સાથે આશાવર્કર અને પેસીલેટરોએ પણ અચોક્કસ મુદતની હડતાલ શરુ કરી છે. તા.૨૨ના રોજ રાજ્ય વ્યાપી હડતાલના સમર્થનમાં બંને જિલ્લામાં આશાવર્કર બહેનો દ્વારા આરોગ્ય અધિકારીઓને લેખિત આવેદનપત્ર આપ્યા બાદ હડતાલ શરુ કરવામાં આવી છે. અધિકારીઓને આપેલા પત્રમાં અચોક્કસ મુદતની હડતાલ દરમ્યાન દર્દીઓ, માતાઓ અને નાના બાળકોને આરોગ્ય લક્ષી કોઈપણ મુશ્કેલી થશે તો તેના માટે સરકાર જવાબદાર રહેશે તેવું જણાવવામાં આવ્યું છે. જિલ્લાના મોડાસા ખાતે મહિલા શક્તિસેનાના નેજા હેઠળ આશા વર્કર અને ફેસીલેટર બહેનોએ લઘુત્તમ વેતનની માંગણી સાથે સી.ડી.એચ.આઈ.ને આવેદનપત્ર આપ્યું હતું જેમાં ઈન્સેટીવ પ્રથા બંધ કરી રાજ્યની તમામ આશા વર્કર અને ફેસીલેટરને લઘુત્તમ વેતન મુજબ ફિક્સ પગાર આપવાની માંગ કરવામાં આવી છે. આ માગણી સ્વીકારવામાં ન આવતાં બંન્ને જિલ્લાની ૧૮૦૦ થી વધુ આશાવર્કર અને ફેસીલેટર તા.૨૨ થી અચોક્કસ મુદતની હડતાલ ઉપર જતાં આરોગ્ય વિભાગની કામગીરી ઠપ્પ થવાની સંભાવના છે.

આશાવર્કરોની રાજ્ય વ્યાપી હડતાલ – પ્રમુખ મહિલા શક્તિસેના

મહિલા શક્તિસેના-વડોદરાના પ્રમુખ ચંદ્રીકાબેન યુ. સોલંકીએ જણાવ્યું હતું કે આશાવર્કર અને ફેસીલેટરની લઘુત્તમ વેતનની માગણી સરકાર દ્વારા સ્વીકારવામાં આવી ન હોવાથી તા.૨૨ થી સમગ્ર રાજ્યમાં રાજ્ય વ્યાપી હડતાલ શરુ કરવામાં આવી છે.

જિલ્લામાં પશુ થી લઈ પ્રકૃતિ સુધી રોગનું સંક્રમણ: વનસ્પતિમાં પણ લમ્પી જેવાં લક્ષણો દેખાયાં

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૩

ભાદરવા મહિનામાં રોગચાળો ચારેબાજુ વકર્યો છે. કાળા માથાના માનવી સાથે ગાયોમાં લમ્પીના રોગે હાહાકાર મચાવ્યો છે ત્યાં હવે પ્રકૃતિમાં પણ રોગચાળાનું સંક્રમણ જોવા મળ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સપ્તપર્ણી સહિતના વૃક્ષોના પાંદડાં ઉપર લમ્પી જેવા લક્ષણો દેખાતાં વૃક્ષ પ્રેમીઓ ચોકી ઉઠ્યા છે. તે રીતે આ વખતે પણ રોગચાળો બેકાબુ બન્યો છે. શરદી, તાવ, ઉધરસ સહિતની બિમારીઓના કારણે દર્દીઓથી ખાનગી તેમજ

સરકારી દવાખાનાં ઉભરાઈ રહ્યાં છે. તો બીજી તરફ અબોલ પશુઓમાં પણ રોગચાળો હાવિ થયો જેમાં ગાયોમાં લમ્પીના રોગે દેખા દીધા પછી ગાયોના શરીર ઉપર ઢીમચાં ઉપસી આવી રોગગ્રસ્ત ગાયોના મોતના બનાવોએ પશુપાલકોમાં ચિંતા જન્માવી છે. બાળકોમાં પણ હેન્ડ ફૂટ માઉથના રોગે થોડાક સમય અગાઉ દેખા દીધી હતી. ૧ થી ૧૦ વર્ષની વયના હજારો બાળકોમાં શરીરે ફોડલા સાથે તાવનાં લક્ષણ જોવા મળ્યા પછી હવે પ્રકૃતિમાં પણ રોગચાળાનો વાયરો ફૂંકાયો છે. ગાયોમાં ફેલાયેલા લમ્પીના રોગચાળા વચ્ચે કેટલીક વનસ્પતિઓમાં પણ રોગનું સંક્રમણ જોઈ પ્રકૃતિ પ્રેમીઓ ચોકી ઉઠ્યા છે. જિલ્લામાં વર્તમાન સમયમાં પશુથી લઈ પ્રકૃતિ સુધી રોગચાળાનું આક્રમણ થયું હોય તેવું લાગી રહ્યું છે. વનસ્પતિઓમાં સપ્તપર્ણી સહિતના કેટલાક વૃક્ષોમાં પાંદડાં ઉપર દાણા ઉપસી આવ્યા છે અને એક જ પર્ણ ઉપર શરુઆતમાં એક દાણો જોવા મળ્યા પછી આખું પાન દાણાઓથી ઘેરાઈ ખરી પડતું હોવાથી જોવામાં મનમોહક લાગતું વૃક્ષ ટૂંક સમયમાં કદરૂપું બની જતું હોય છે. વનસ્પતિ શાસ્ત્રના નિષ્ણાતોનું માનીએ તો વર્તમાન ચોમાસાની સીઝનમાં કેટલીક વનસ્પતિઓમાં ફગથી આ પ્રકારનો રોગચાળો જોવા મળતો હોય છે. ભાદરવા મહિનામાં વકરેલા રોગચાળાએ કાળા માથાના માનવીએ ઝપેટમાં લીધા પછી લમ્પીના રોગે ગાયોને હચમચાવ્યા પછી હવે પ્રકૃતિમાં પણ ગેલ બ્લડર નામના રોગે દેખા દેતાં એક પછી એક વૃક્ષો તેની ઝપેટમાં આવી રહ્યાં છે. જો કે પ્રકૃતિમાં જોવા મળેલા આ રોગની બહુ ઓછા લોકોએ નોંધ લીધી છે પરંતુ સપ્તપર્ણી સહિતના વૃક્ષોમાં આ રોગચાળાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે.

વનસ્પતિમાં ફૂગજન્ય રોગની સંભાવના – વનસ્પતિ શાસ્ત્રી

મોડાસા કોલેજના વનસ્પતિ શાસ્ત્રના નિષ્ણાત ડૉ.મધુસુધન જાંગીડે જણાવ્યું કે વનસ્પતિ અને કેટલાક વૃક્ષોમાં જોવા મળેલ રોગ ફૂગ જન્ય હોવાની સંભાવના છે. ખાસ કરીને સપ્તપર્ણીના વૃક્ષોમાં હાલ જે રોગ જોવા મળી રહ્યો છે તે ગેલ બ્લેડર તરીકે ઓળખાય

હોળીના તહેવાર સમયે બાળકોના શરીર ઉપર જેમ શીતળા જોવા મળે છે તેમ હવે વનસ્પતિના પાંદડાં ઉપર પણ દાણા જોવા મળી રહ્યા છે.

ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણની વિપરીત અસરો જનઆરોગ્ય ઉપર જોવા મળ્યા પછી હવે પ્રકૃતિને પણ તેની માઠી અસર થવા લાગી છે. જિલ્લામાં દર વર્ષે ભાદરવા માસમાં રોગચાળો બેકાબુ બનતો હોય છે

અરવલ્લીમાં શાકભાજીના ઉંચા ભાવ છતાં વાવેતર ઓછું

તાલુકામાં માત્ર ૪૯૩૩ હેક્ટરમાં વાવેતર : ઓછા વાવેતરમાં જીવાતનો ઉપદ્રવથી દવા છંટકાવ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૩

અરવલ્લી જિલ્લામાં શાકભાજીના ભાવ ઉંચા રહ્યા છે તેમ છતાં વર્તમાન સીઝનમાં ખેડૂતોએ શાકભાજીનું ઓછું વાવેતર કર્યું છે. તાલુકામાં માત્ર ૪૯૩૩ હેક્ટર જમીનમાં શાકભાજીનું વાવેતર થયું તેમાંય હવે ચૂસીયા પ્રકારની જીવાતનો ઉપદ્રવ

દેખાયો છે. ભીંડા સહિતના પાકમાં જીવાતનો ઉપદ્રવ રોકવા માટે ખેડૂતોએ હવે દવા છંટકાવની કામગીરી શરુ કરી છે.

જિલ્લાના ખેડૂતો ખેતી ક્ષેત્ર હંમેશાં બદલાવ લાવવા માટે મથામણ કરી રહ્યા છે પરંતુ વિષમ હવામાન તેમજ રોગચાળાના કારણે ખેતી પાકમાં ધારી સફળતા મળતી નથી. શાકભાજીના પાક રોકડીયો ગણાતો હોવાથી સ્વભાવિક રીતે વાવેતર વિસ્તાર વધવો જોઈએ પરંતુ ખેડૂતોને શાકભાજીના પાકથી હવે મોહ ભંગ થયો છે. જિલ્લામાં ચોમાસાની સીઝન શરૂ થઈ ત્યારથી શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. ઉંચા ભાવના કારણે વાવેતર વિસ્તાર વધવો જોઈએ પરંતુ તાલુકામાં સાવ ઓછું વાવેતર થયું છે. જિલ્લામાં વર્તમાન સીઝનમાં જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકામાં માંડ ૪૯૩૩ હેક્ટર જમીનમાં વિવિધ શાકભાજીના પાકનું વાવેતર થયાનું ખેતી વિભાગ જણાવી રહ્યો છે. જિલ્લામાં ઓછા વાવેતર વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વિષમ હવામાનની સ્થિતિ ઉભી થઈ છે અને કેટલાક શાકભાજી પાકમાં ચૂસીયા જીવાત દેખાતાં નિયંત્રણ માટે ખેડૂતોને હવે દવા છંટકાવ કરવાની ફરજ પડી રહી છે. શાકભાજીના વાવેતરમાં રોકડાં નાણાં તેમજ વર્તમાન સમયમાં સારો ભાવ મળતો હોવા છતાં ઘરઆંગણે શાકભાજીનું વાવેતર ઓછું થયું હોવાથી જિલ્લાના શાક બજારમાં અન્ય વિસ્તારોમાંથી મોટાપાયે શાકભાજી આયાત કરવાની વેપારીઓને ફરજ પડી રહી છે. જ્યારે જે ખેડૂતોએ ખેતરમાં રીંગણ ભીંડા, ગવાર, ચોરી, કારેલાં, ટામેટાં સહિતના પાકનું વાવેતર કર્યું છે એ ખેડૂતો પણ તાલુકા મથકના શાકભાજી બજારમાં વેચવાને બદલે સ્થાનિક બજારમાં વેચાણ કરી રહ્યા છે. જો જિલ્લામાં શાકભાજીનો વાવેતર વિસ્તાર વધે અને આવક તાલુકા મથકના શાક બજાર સુધી પહોંચે તો શાકભાજીના ભડકે બળતા ભાવમાં ઘટાડો થઈ શકે છે.

કુખ્યાત સૂકો ડુંડ ફરાર થતાં 1 PSI અને ૩ કોન્સ્ટેબલ સસ્પેન્ડ : ૩ ટીમ બનાવી આરોપીને ઝડપી પાડવા કવાયત

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાનો કુખ્યાત સૂકો ડુંડ પોલિસ જામામાંથી ફરાર થઈ જતાં જિલ્લા પોલિસ વડાએ કાર્યવાહી કરતા ૧ જીં અને ૩ પોલિસ કોન્સ્ટેબલ સસ્પેન્ડ કરવાનો જિલ્લા પોલિસ વડાએ આદેશ કર્યો છે. આ સાથે જ ફરાર થઈ ગયેલા સૂકા ડુંડને પકડી પડવા જિલ્લાની એલ.સી.બી., ઓસ.ઓ.જી., પેરોલ ફર્લો સહિતની ટીમ સાથે ૨૫ પોલિસના જવાનોની ૩ ટીમ બનાવવામાં આવી છે અને આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

અરવલ્લી જિલ્લામાં હત્યા, લૂંટ તેમજ દારૂની હેરાફેરી કરનાર સૂકો પોલિસ જામામાંથી ફરાર થઈ ગયાની ઘટના સામે આવતા પોલિસ બેડામાં ખડભડાટ મચી જવા પામ્યો હતો. સૂકા ડુંડ એ નામચીન હતો જેને લઈને પોલિસે તેની સામે ગુજ સી ટોકનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી ત્યારે વચગાળાના જામીન દરમિયાન પોલિસ પહેરા વચ્ચેથી આવેલો સૂકો ડુંડ પોલિસને ચકમો આપી પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી હતી.

1 PSI અને ૭ પોલિસ કર્મચારીઓના પહેરા વચ્ચેથી ફરાર થયો હતો સૂકો....!!

આરોપી સૂકા ડુંડને કોર્ટમાંથી જામીન મળતા પોલિસ પહેરા વચ્ચે તે ઘરે આવ્યો હતો. જેમાં ૧ પી.એસ.આઈ. અને ૭ પોલિસ કર્મચારીઓ સૂકા ડુંડની ઘરની આજુબાજુમાં પહેરો હતો ત્યારે વચગાળાના જામી દરમિયાન સૂકો ડુંડ ફરાર થઈ જતાં પોલિસની કામગીરી પર સવાલો ઉઠી હતી. સૂકો ફરાર થઈ જવાની ઘટના સામે આવતા તેને ઝડપી પાડવા જિલ્લાભરની પોલિસે દોડતી થઈ ગઈ છે. આ વચ્ચે ફરજ પર બેદરકારી દાખવવા બદલ પોલિસ અધિકારીઓ અને પોલિસ કર્મચારીઓ સામે કાર્યવાહી કરી છે.

સસ્પેન્ડ થયેલા કર્મચારીઓ

એ.એ.પટેલીયા, PSI
જીગ્નેશ કનુભાઈ, કૉન્સ્ટેબલ
અર્જનસિંહ ભેમાભાઈ, કૉન્સ્ટેબલ
કિર્તિકુમાર નટવરભાઈ, કૉન્સ્ટેબલ

અરવલ્લી : મોટી મોયડી ગ્રામ પંચાયતના મહિલા તલાટી પર હુમલાનો આક્ષેપ

TDO ને ફોન કરતા ફોન કટ કરી દીધો

મોડાસા,તા. ૨૩

અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવું લાગે છે. જિલ્લાના મેઘરજ અને ભિલોડા પંથકમાં છેલ્લા ઘણાં સમયથી લાશ મળવાના સિલસિલા વચ્ચે હુમલાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો હોવાના કિસ્સાઓ સામે આવે છે. હવે તો સરકારી કર્મચારીઓ પણ તેનાથી બાકાત રહ્યા નથી અને તેમાંય મહિલા કર્મચારીઓ પર આવી ઘટનાઓ સામે આવી રહી છે. મેઘરજ તાલુકાના મોટી મોયડી ગ્રામ પંચાયતમાં આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી નીલમ પરમારે જણાવ્યું કે, તારીખ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ ગ્રામ પંયાયતની ગ્રામસભા યોજાઈ હતી, જે પૂર્ણ કરી મહિલા તલાટી પંચાયતમાં આવ્યા હતા ત્યારે પંચાયતના હોદ્દેદારો પંચાયત આવી પહોંચ્યા અને મહિલા તલાટી કમ મંત્રી સાથે અભદ્ર વર્તન કરી હુમલો કર્યાનો આક્ષેપ કર્યો હતો. મહિલા તલાટીએ એ પણ આક્ષેપ કર્યો છે કે, તેમની ચેમ્બરમાં સરપંચ, ડે.સરપંચ સહિતના લોકો ધસી આવ્યા હતા અને તેમના કપડાં ફાડી નાખ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલિસની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. મેઘરજની મોટી મોયડી ગામે ગ્રામ પંચાયતમાં બનેલી ઘટનાને લઈને તાલુકા પંચાયતને ગંભીરતા ન દાખવી હોય તેવું લાગે છે. આ અંગે મીડિયાએ મેઘરજ તાલુકા પંચાયતના અધિકારી TDO નો સંપર્ક કરી આ બાબતે શું કાર્યવાહી કરી છે તે પૂછતા જ ટીડીઓએ ફોન કટ કરી દેવાનું યોગ્ય સમજી પોતાની જવાબદારી નિભાવી હતી. ગ્રામ પંચાયતમાં આટલી મોટી ઘટના ઘટવા છતાં તાલુકા પંચાયતના અધિકારીઓ મગનું નામ મરી પાડવા તૈયાર નથી તો આ જવાબદારી કોની તે પણ એક સવાલ છે. શું મેઘરજ તાલુકા વિકાસ અધિકારી મોઢે પટ્ટી લગાવી કાળા ચશ્મા પહેરી લીધા છે કે શું તે પણ એક સવાલ છે.

સાબરકાંઠામાં લમ્પીના કહેર વચ્ચે ૭૦૬૧ ગાય લમ્પી મુક્ત થયાના દાવા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૩

સાબરકાંઠા જિલ્લામાં લમ્પીના કહેર વચ્ચે પશુપાલન વિભાગે છેલ્લા દોઢ મહિનામાં ૭૦૬૧ ગાયો લમ્પી મુક્ત થયાનો દાવો કર્યો છે. ૪,૨૬,૦૦૦ પશુઓનું ૧૦૦ ટકા રસીકરણ કરવામાં આવ્યું હોવાની વાતો વચ્ચે હજુ પણ ૪૩૯ ગાયો લમ્પીગ્રસ્ત હોવાની વિગતો સામે આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં લમ્પીનો રોગ બેકાબુ બનતાં અસંખ્ય પશુઓના મોત નિપજ્યાં છે ત્યારે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં માત્ર ૧૦૫ લમ્પીગ્રસ્ત પશુના મોત થયાનું જણાવાઈ રહ્યું છે. કોરોનાની મહામારીથી કાળા માથાના માનવીએ મુક્તિ મેળવી લીધી છે પરંતુ અબોલ ગાયોમાં છેલ્લા કેટલાક સમયથી લમ્પી રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. જિલ્લામાં ગાયોમાં લમ્પી રોગ ફેલાતાં ટપોટપ મોત નિપજવાના બનાવો છતાં તંત્ર દ્વારા ગાયોનો મૃત્યુ આંક છૂપાવવામાં આવતો હોય તેવી તાસિર ઉભરી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના સીમાડાઓમાં ગાયોના મૃતદેહોના ઢગ ખડકાયા હોવા છતાં અઢી મહિનામાં માત્ર ૧૦૫ ગાયોના લમ્પીના કારણે મોત થયાનું પશુપાલન વિભાગ જણાવી રહ્યું છે. જિલ્લામાં લમ્પીનો રોગચાળો બેકાબુ બન્યા પછી દોડતા થયેલા પશુપાલન વિભાગે રસીકરણની કામગીરી શરુ કરી જેમાં અત્યાર સુધીમાં ૪,૨૬,૦૦૦ પશુઓને રસી આપી ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂરો કર્યાનું બહાર આવ્યું છે. જિલ્લામાં અઢી મહિનામાં લમ્પીના રોગચાળાએ તમામ વિસ્તારોમાં ગાયોને સકંજામાં લીધી હતી જેથી પશુપાલન વિભાગ દ્વારા સારવાર શરુ કરવાથી ૭૦૬૧ ગાયોને લમ્પીથી મુક્ત કરવામાં આવી છે. જિલ્લામાં ૧૦૦ ટકા રસીકરણ થયું હોવા છતાં ૪૩૯ ગાયો લમ્પીના રોગથી ગ્રસ્ત હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૫૦૦ ગાયો લમ્પીના સકંજામાં આવી હતી પરંતુ તાબડતોબ પશુપાલન વિભાગ દ્વારા સારવાર શરુ કરવામાં આવતાં ૭૦૧ ગાયોને રોગથી મુક્ત કરવામાં સફળતા મળ્યાના દાવા કરવામાં આવી રહ્યા છે.

પાલનપુર નજીક યોગા એક્સપ્રેસ ટ્રેનમાં મહિલા યાત્રીનું પર્સ ચોરાયું

પાલનપુર તા.૨૩

પાલનપુર નજીક યોગા એક્સપ્રેસ ટ્રેન માં સવાર એક મહીલા રેલ યાત્રીના પર્સની ચોરી થઈ હતી. ચોરાયેલા પર્સમાં મોબાઈલ સહિત પરચુરણ સામાન મળી ૧૭ હજાર ઉપરાંતના મુદ્દામાલની ચોરી થતા રેલવે પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ છે.

અમદાવાદ સાયન્સ સીટી પાસે રહેતા વેપારી ચંદ્રકાંતભાઈ લક્ષ્મણદાસ પટેલ તેમની પત્ની સુરેખાબેન પટેલ સાથે ગત તા.૭ સપ્ટેબર ના રોજ હરિદ્વાર થી યોગા એક્સપ્રેસ ટ્રેનમાં અમદાવાદ આવી રહ્યા હતા દરમિયાન આ દંપતી ટ્રેનમાં રાત્રે નિંદર માણી રહ્યું હતું ત્યારે પાલનપુર નજીક કોઈ અજાણ્યો ગઠિયો મહિલા યાત્રીનું પર્સ ઉઠાવી ગયો હતો.

આ પર્સમાં મોબાઈલ ચશ્માં સહિત પરચુરણ સામાન મળી રૂ.૧૭૪૯૯ ના મુદ્દામાલ ની ચોરી થતા આ મામલે પાલનપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ દાખલ થતા પોલીસે અજાણ્યા તસ્કરની તપાસ હાથ ધરી છે.